પરિશિષ્ટ – ૦૨/૦૧

# જાહેરાત ક્રમાંક – ૨૪/૨૦૨૫ અન્વયેની ક્લાર્ક કમ ટાઈપિસ્ટની જગ્યા માટેની કૌશલ્ય કસોટી અને ઓ.એમ.આર. કસોટીની પરીક્ષાનું માળખું નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબનું રહેશે.

સદર જગ્યા માટેની પરીક્ષા કુલ ૧૦૦ ગુણની રહેશે. જેમાં ૫૦ (પચાસ) ગુણની **Multiple Choice Question (MCQ)** અને **Optical Mark Reader (OMR)** પદ્ધતિની પરીક્ષા રહેશે તથા ૫૦ (પચાસ) ગુણ કૌશલ્ય કસોટીના રહેશે.

## ઓ.એમ.આર. કસોટીની પરીક્ષાનું માળખું અને અભ્યાસક્રમ -

- કુલ પ્રશ્નો ૫૦ (પચાસ) તથા કુલ ગુણ ૫૦ (પચાસ) રહેશે. દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે.
- ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.
- ખોટા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે. નેગેટીવ માર્કીંગ લાગુ પડશે.
- દરેક પ્રશ્નના જવાબોમાં O.M.R. ઉત્તરપત્રમાં એક વિકલ્પ "E" "Not Attempted" રહેશે. ઉમેદવાર કોઈ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "E" "Not Attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહી.
- પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઈ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

| ક્રમ | વિગત | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | સામાન્ય જ્ઞાન<br>ગુજરાતીનો ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસો, ભારતનું બંધારણ, રમતગમત, સામાન્ય વિજ્ઞાન, ગુજરાત અને ભારતના વર્તમાન પ્રવાહો, જાહેર વહીવટ, સરકારી યોજનાઓ | ૧૫ | ૫૦ મિનિટ |
| ૨ | ગુજરાતી ભાષા અને વ્યાકરણ | ૦૫ | |
| ૩ | અંગ્રેજી ભાષા અને વ્યાકરણ | ૦૫ | |
| ૪ | ગાણિતિક તાર્કિક કસોટીઓ | ૦૫ | |
| ૫ | કોમ્પ્યુટર Microsoft ઓફિસ | ૦૫ | |
| ૬ | કચેરી કાર્ય પદ્ધતિ & ફાઈલોનું વર્ગીકરણ | ૦૫ | |
| ૭ | G.C.S.R. (નિયમો) | ૦૫ | |
| ૮ | Gujarat Public University Act and Uniform Statute | ૦૫ | |
| | **કુલ ગુણ** | **૫૦** | **૫૦ મિનિટ** |

## કૌશલ્ય કસોટીનું માળખું અને અભ્યાસક્રમ -

| ક્રમ | વિગત | ગુણ | સમયગાળો |
|---|---|---|---|
| ૧ | અંગ્રેજી ટાઈપિંગ<br>(કુલ ૮૦૦ શબ્દોની પરીક્ષા લેવાશે. જેમાં ઓછામાં ઓછા ૦૩(ત્રણ) ફકરા હશે. જેમાં વિરામચિહ્ન, ઉદગારચિહ્ન અને અવતરણચિહ્ન ધ્યાને લેવાશે. દરેક ૦૩ (ત્રણ) ભૂલ માટે ૦૧ (એક) ગુણ કાપવામાં આવશે.) | ૨૦ | ૨૦ મિનિટ |
| ૨ | ગુજરાતી ટાઈપિંગ<br>(કુલ ૫૦૦ શબ્દોની પરીક્ષા લેવાશે. જેમાં ઓછામાં ઓછા ૦૩(ત્રણ) ફકરા હશે. જેમાં જોડણી, પ્રશ્નાર્થચિહ્ન, વિરામચિહ્ન, ઉદગારચિહ્ન અને અવતરણચિહ્ન ધ્યાને લેવાશે. દરેક ૦૩ (ત્રણ) ભૂલ માટે ૦૧ (એક) ગુણ કાપવામાં આવશે.) | ૨૦ | ૨૦ મિનિટ |
| 3 | **MS Excel**<br>(સરવાળો, ગુણાકાર અને ટકા જેવી વિવિધ **Formulas** ધરાવતા પ્રશ્નો) | ૧૦ | ૧૦ મિનિટ |
| કુલ ગુણ | | ૫૦ | ૫૦ મિનિટ |